જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૭/૨૦૨૩   શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૧૫૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૩૮૪ લીટર દેશી દારૂ, ૧૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૧૫૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-   સમાચાર યાદી નં.૧૧૫૫/૨૦૨૩

**વેજલપુરઃ** ચિરાગસિંહ નરેન્દ્રસિંહ ચાવડા (ઉ.વ.૨૯)(રહે.સ્ટાર ડુપ્લેક્ષ, નસીમ પાર્લર ગલી, ફતેહવાડી, સરખેજ-જુહાપુરા રોડ, ફતેહવાડી) એ તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ ફેસબુક માર્કેટ પ્લેસમાં “વૉલટાસ” કંપનીનું દોઢ ટનનું એર કંડીશનર કિંમત રૂપિયા ૨૪,૦૦૦/- માં વેચવાની જાહેરાત જોઈ ચિરાગસિંહ ચાવડાને એ.સી.ખરીદ કરવાનુ હોવાથી જાહેરાતમાં આપેલ મોબાઈલ નંબર ૯૧૦૬૭૩૩૧૨૩ અને ૯૭૩૭૨૭૫૪૯૦ ના ધારક સાથે વાત કરતા તેઓએ પોતાની ઓળખ એ.સી. ડીલીવરીના મોટા વેપારી તરીકે ઓળખ આપી વિશ્વાસમાં લઇ, પ્રથમ રૂપિયા ૫૦,૦૦૦/- અને બીજીવાર રૂપિયા ૧,૭૦,૮૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૦,૮૦૦/- યશ બેન્કની એપ્લીકશન થી ટ્રાન્ઝેકશન કરાવી લઇ, એર કંડીશનરની ડિલિવરી નહી કરી તેમજ ભરેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.રાજવી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૬/૨૦૨૩**

**રખિયાલઃ** જીતેન્દ્રભાઇ હરજીવનભાઇ પરમાર (રહે.ગવર્મેન્ટ "જી" કોલોની સુખરામનગર રખિયાલ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૩ કલાક ૦૦/૩૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન "જી" કોલોનીના મેઇન ગેટની દીવાલના અંદરના ભાગે આવેલ "રાધે ટી સ્ટોલ" નામના ગલ્લા પાછળ પાર્ક કરેલ પોતાની મહીન્દ્રા જીટો ફોર વ્હીલ ગાડીનો કાચ અને તાળું તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી જીતેન્દ્રભાઇના ગલ્લાનો માલ-સામાન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.મકવાણા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** અજય ગોરધનદાસ વ્યાસ (રહે.રીધ્ધી-સિધ્ધી એપાર્ટમેન્ટ જોધપુર ચાર રસ્તા સેટેલાઇટ) એ તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૩ સવારના ૯/૩૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર લાડ સોસાયટી રૂચી કોમ્પલેક્ષ દુકાન નંબર-૩ ખાતે "ક્રિષ્ણા કેમીસ્ટ" નામની મેડીકલ દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, નજર ચુકવી બેગમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જાહીદખાન ઈસ્માઈલખાન ચલાવે છે.

**ખોખરાઃ** સ્ટેલાબહેન ડો/ઓ વિક્ટરભાઇ મેકવાન (રહે.રાજકમલ ફ્લેટ, ડેમોક્રેટીક સ્કુલની બાજુમાં ખોખરા) એ તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે અજાણ્યો પુરૂષ સ્ટેલાબહેનના ખુલ્લા મકાનમા પ્રવેશ કરી મકાનમાંથી (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૨,૦૦૦/- (૨) સોનાની કાનની બુટ્ટી કિંમત રૂપિયા ૨,૫૦૦/- (૩) ચાંદીના છડા જોડ-૩ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- (૪) ચાંદીની બ્રેસલેટ કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**અપમૃત્યું:-** **સમાચાર યાદી નં.૧૧૫૭/૨૦૨૩**

**સાબરમતીઃ** વિજયભાઇ રૂપાજી ઠાકોર (ઉ.વ.૩૬)(રહે.મોહનધુળાની ચાલી ઓઇલ મીલના છાપરાં પોલીસ લાઇન પાછળ રાણીપ) તા.૧૩/૦૭/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે કાળીગામ છારાનગર દિગ્વિજય સિમેન્ટ ફેકટરી ખાતે કામ કરતા હતા ત્યારે મશીનમાં ફેલ્ટની વચ્ચે આવી જતા વિજયભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને પુખરાજ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદભાઇ ચંદુભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૮/૨૦૨૩**

**ચાંદખેડાઃ** સાંઇબહેન ડો/ઓ દિપકભાઇ બોકાડે (ઉ.વ.૧૪)(રહે.શુકન રેસીડેન્સી મહારાજા ફ્લેટની બાજુમાં ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એસ.એમ.એસ. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**માધવપુરાઃ** ધર્મેન્દ્રભાઇ બૈજનાથ યાદવ (ઉ.વ.૩૨)(રહે.અશોકનગર સોસાયટી, લાલાકાકા હોલ સામે, શાહપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રુગ્નાથજી ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** શીતલબહેન વા/ઓ રવિકુમાર ગજ્જર (ઉ.વ.૩૫)(રહે.શિવમ ડુપ્લેક્સ શાંતિ વિદ્યાલયની બાજુમાં ડાહ્યાલાલ પાર્કની બાજુમાં વ્યાસવાડી સામે કઠવાડા રોડ નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**સરદારનગરઃ** પુનમભાઇ છપ્પનભાઇ પટણી (ઉ.વ.૫૦) (રહે.વાલ્મીકી આવાસ યોજના, નોબલનગર, સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૩ રાતના ૮/૦૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રકાશભાઇ ચંપકલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી